
જરામાર.

નાટકનાં ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

લાલ છગનલાલ.

સેલર–ઠે. રીચીરોડ અમદાવાદ.



[illegible]

[illegible]

અમદા[illegible]

[illegible]

૧૯૦૫. સંવત ૧૯૬૧

કીંમત ૨ આના.

श्री परमात्मने नमः

श्री गजरामारु नाटकनां गायन

કર્તાની સરસ્વતી પ્રત્યે પ્રાર્થના.

જય અંતે થશે જગમાં સત્ય જ્યાં હશે

(એ રાહ.)

પ્રણામું હું સરસ્વતી, જેના ગુણ છે અતી
ભક્તિ મારી ઊર ધારી લે, દાન તુજ કોષમાંથી દે;
ધારી ટેક, રાખી નેક, સમરૂ સુધાર મતી. પ્રણામું.
રસનાને રસ સીંચતું, પ્રફુલકર કુમળુ તરૂ,
રાખે આશ ચાહેવાસ, રાત દીન પ્રતિ પ્રણામું.
વિનવે વિનયથી હરી, રાખ સુખી આશ કરી;
તારો બાળ, કરવાચાળ, આપી સન્મતી. પ્રણામું.

હજામ— રાગ દાદરો.

જલ્દી જલ્દી દે જવાબ, ઓ ચંડાળણી;
શામાટે તે સામીમારા, ધરીમાજની;
મુખ તં જોયું નમારૂં, હુંપદે ધરી;
કર કાપિનંખાવું હું, ક્રોધથી કરી.

જ[illegible]મ—રાગ ઓખાહરણની.

સુણો સાતેરાણીઓ મારી, આજે દુઃખ થયું દીલભારી;
પુત્ર પેટનહીં એક મારે, દુઃખદાવાનળ [illegible] હારે.
લોકો વાંઝીઓ વાંઝીઓ કહે છે, વાંઝીઓ કહી મેંણા દે.

મુખમીતો હતો હું જ્યારે, આવિ ચંડાળણી એક ત્યારે.
મુજ મુખ જોતાં પાછીફરી, વળી માર્ગની આડીથઈ;
ભગક્રોધ કરી હું બોલ્યો, મનનો ઉભરો મેં ખોલ્યો
શામાટે તે અપમાન કીધું બોલ ઝટ હવે શાધેસીધું:
સાચુબોલીશ તો જાવાદઇશ, નહીંતો શીષ તારૂં હું લઇશ.
તવ ડરનીમારી તે બોલી, નીચજાત હતી પણ ભોળી;
રાજ? પુત્ર નહી એક તમને, શામાટે દમોછો હમને.
વાંઝીયાકેરૂં મુખ ન જોવું, હેતું શાસ્ત્રનું છે કેવું.
માટે મુખ ના જોતું હે રાજ, કાંતો મારો કાંતો ઉગારો આજ.
હેતું શુણીને રોશ ઉતારીઓ, ગુનો માફ તરત મેં કરીઓ.
વળી અપાવ્યું ખાવાકાજ, કેટલું એક તેને અનાજ;
ચડીથઇ ના થઇ પાછી અવી, કીધું અંન આ પાછું હું લાવી
પશુપંખી ભલે ખાએ રાજ, મટે અનાજનું નહીં કાજ;
હેવુંકહી પાછુ નાખીચાલી, ફરી દ્રષ્ટીએ મેં નહી ભાળી.
માટે વાંઝા મેણુંભાગુ, જઇ શંભુને પાએલાગુ;
વનેજઇ ભોળાને મનાવું: ઉગ્રતપકરી હરખાવું.
પુત્ર મળશેતો પાછો ફરીશ, નહિંતો જન્મારો પુરોકરીશ;
હવે રે'વું નહી આ નગરમાં, તમે રજાદીઓ જાવા વનમાં.
ના કહેશોતોપે હું જઇશ, પુત્ર રહીત મુખ ન દઇશ;
ખુશીથઇને રજા આપો, ભેડા હરીહરનું ધ્યાન રાખો.
આશીશ કહો સુખે જાવો, વે'લા વે'લા પાછા ઘેરઆવો;

દામાવતી—સાહીવર શું દુ:ખ દાખવું એરાજ.

ફુલસીંગ વજીર ફિરી વિનવું, લળીલળી લાગું પાય;
કામ પડયું છે તમારૂંહે, થાજો મુજને સહાય. ફુલસીંગ,

બારેવરશે નાથ આવીઆ, લાવ્યા કેરીઓ સાત;
આપી ન એક અદેખાઇથી, જુવે શીવજી શાક્ષાત. ५.
માનીતીઓ એરળ ખાઇને, છોતરાં ફેંકી દીધ;
દાશીપાસે મંગાવીને, પિવા રાણીએ કીધ. ५.
પણ અંદેશો એક ઉપન્યો, રાજા ન મેલ:
લોક અપવાદ મુને આપશે, ગર્ભ શાથી રહેલ ५.
ઇશ્વર પુત્ર મુને આવશે, જાગશે મારૂ જો ભાગ્ય;
રાજા કોપે કરી પુછશે, પુરજો સાચી આ સાખ્ય. ५.
આજ્ઞા દો વિશ આરોગવા, રૂડુ કરવાને કામ,
સફલ કરૂં મુજ આંનમાં, દયો શંભુનું ગામ. ५.

ફુલસીંગ—ઇંદ્ર સભાની ગજલનો રાહ.

આઇ આપની આજ્ઞાથી, હું જુદો નહીં;
રાણ પીવા વિશે મને, વાત જે કહી. ૧ આઇ
ભૂપતિ સવાલ મને, પુછશે જે વાર:
શાખ્ય પુરી સાચુ બોલી, કહીશ સમાચાર. આઇ
ડર ન રાખો કાસનો, સુખે કરી પીઓ;
સતિને શામ અડતુ નથી, સા માટે બીઓ. આઇ
સુર્ય તમારી શાખ્ય પુરે, ચંદ્ર દીએ તેજ,
શિવજી તમને શાય્ય કરે, વિનતી મારી એજ. આઇ

ગજરામારૂ—શુણો દીલ્લી તખત ધરનાર: (એ રાહ).

મારી સહાય કરે જે રાજ, સલામ હું તેને કરૂં રે, (ટેક.)
કરૂં અવરને હું શાને કાજ. સલામ હું તેને કરૂં રે.

પહેલી મારી માતાએ રાખ્યો મને પેટ, સલામ;
બહુ કીધી છે જેને મારી વેઠ, સલામ.

બીજી જગેશ્વર સીતજી મુજ સાથ, સલામ;
જે રાખે સદાની સુખમાંય. સલામ.
ત્રીજી જેને દીધો જગ અવતાર, સલામ,
મુને ઉતારે જે ભવપાર, સલામ.
ચોથી રેવંત રમાડી લાવે ઘેર, સલામ;
તેની જાણે નહી કો પેર, સલામ.
પાંચમી સાચી મારી આ જે સમશેર. સલામ:
જીતી લાવે રણમાંથી મુને ઘેર, સલામ.
છઠ્ઠી મારી ઢાલ ધમકતી ધાય, સલામ;
રણે પડતી બચાવે કાય, સલામ.
સાતમી માતા ધરણી દે મને ધામ, સલામ;
મુવે જીવતે દે વિશ્રામ. સલામ.

અફીણી—ખુશ રહો શનમજા મેરા બાંધાતા બેલી. (એ રાહ)
શો મેંલ દીશે આ, ઇંદ્રપુરીના જેવો;
જોઉ સ્વર્ગભુમી શાક્ષાત, ચમકતો એવો.
માંહી રંગમહેલ બહુ. જાત જાતના કરીઆ;
અતરથી ઉડતા હોજ, પાહાસ બહુ ભરીઆ.
વળી ચિત્ર ચીતર્યાં, મીણાકારી ચીતારે;
માંહે પુર્યા રંગી બેરંગી, રંગ બહુ બારે.
શી ઉપરા ઉપરી ધરી, ઉંચી ગ્યાલેરી;
ચોપાસ રહ્યો છે કોટ, મેહેલને ઘેરી.

અરીણી—શા માટે તું શોચ ધરે મન નશીબ ઉઘડ્યું તારૂં રે એ રાહ.
જથાજામનું નામ સાંભળી, હું કચેરી આવ્યોરે;
શામાટે નહી સલામ લીધી, અરીણી કે'વા લાવ્યોરે. ૪

અંધા, લુલા, બીહીર, બોબડા, રાજકુંવર આ બેઠારે;
કાણો, કુબડો, છમળીસોએ, રાજ નાંખશે હેઠારે. જ
ધનરાણી અનમાનીતીને, કુખે ગજરામારૂ રે;
નિજ હસ્તેથી રૂડું કરશે, રાજા રાજ તમારૂંરે. જ
માટે બોલાવીને તેને, રાજદીઓને રાજારે;
નહીંતો પસ્તાવાનું થાશે, ઉલટી ખોશો માજારે. જ
નહીંલેવા નહીંદેવા મારે, કહુંછું સાચેસાચુંરે;
હું પદીઆ માણુસને હુંતો, મનમેલી નહી રાચુંરે. જ

ચંપાવતી—રાજાએ પ્રજાને પુત્ર, ગણીને પાળવી. એરાહ.

એજ પીઉ મારો બેની, હું એને વરી;
અન્યભ્રાત સમહવે, પ્રતિજ્ઞા કરી.
કદિમલે તમારૂ મને, જીવ જુદોકરૂં;
દેહદમન દાડી કરી, નિશ્ચે હું મરૂં. ૧
માટે સઘ શોધીકાઢો, બેની શુરવીર;
મોહ બાણ વાગીરહ્યાં, રેતીનથી ધીર.
પીતા કદી પરણાવવા, આનાકાની કરે;
તો સખી મુજ દેહમાંથી, પ્રાણ નીસરે.

સાંભળો કિરતી મારી કહુંછું હું મુખેથી આજ એરાહ.

વિપ્રજાતછું વાલા વિરા, કેતું સાચીવાત;
શામાટે તું સામુંજુવે, ઉગમ તે પરભાત.
મહેલનીચે તું શંકા મારે, કોની જુવે વાટ;
કે વંડશા આવ્યોછું કોનો કુંએડાવડી વાટ.
ક્યાંથી આવ્યા ને ક્યાં જાશો, સુણાવો સૌ વિચાર;
જુઠું બોલે જનોઇ લાજે, જમડાનો રહે માર.

સાચેસાચું જો ના કહેતો, મુજમાથેનું પાપ;
અસત્યથી અવળા કુટાશો, થાશે બહુ પરિતાપ.

બ્રાહ્મણ—મનુ અંબીકા એમને વચન આપીશું એરાહ.

માંડવ ઘઢથી આવીઓ હું, કન્યા જોવા કાજ;
દેશોદેશ જઇને આવ્યો, આ નગરીમાં આજ.
કોઇના દીઠી કન્યાકોમે, કુંવર તુલ્ય તેજ;
રાજ્ય માગે જેનો ઉભો, પુંમ સ્વરૂપ શેજ.
ભાગ્ય ઉદય જેના હસે. મળશે તે ભરથાર;
સર્વ કાર્ય સીધ્ધિ થશે, સુખ થશે અપાર.
કુંવર જેસાજીમનો છે, ગઢ માંડવ ગામ;
દામાવંતીનો દીકરો; એનુ ગજરામારૂ નામ.
રૂપ ગુણ શૌર્ય બહુ, તેજનો ભંડાર;
વિ'વા કરવો મારે તેનો, તેથી નિકળ્યો બહાર.

દામાવંતી—અરેરે કામ આ શું મેં આચર્યુંરે. (એ રાહ).

અરેરે પુત્ર મુજ આશું કરેતું, કાળે તુરી ચઢી જાય કહાંતું;
શામ વસ્ત્ર વળી અંગે ધર્યા છે, દીન મુખે પુત્ર દીશે મને તું.
કેને દુભાવ્યો કહે મિત્ર મારા, કેડાયું કામ હું સત્ય કેહે તું;
સાલાસુંલાને કે'તો તેડાવું, દુભ્યાને દંડું જો દે રજા તું;

ગજરામારૂ—ધીક સુવા ધીક મુજને, ધીક કામ વિકારજી, એ રાહ.

નથી માતા કોઇએ દુભવ્યો, નથી દીધેલું દુખજી;
ભાગ્ય ઉદયે ભમવા જશું. ભાગશુ મન ભુખજી.
શીખ દીઓ માતા મુજને. એ ટેક:
હવે નરે'વું મારે એક ઘડી, પળ પા વર્ષ થાયજી;

તાત વચન પાળુ પ્રેમથી, ન પાળે પણ જાયજી. સીખ
દામાવંતી—તાત તારાએ તને શું કર્યું, દીધો દેશ નીકાલજી.
હેવોરે ગુનો તેતો શોધીયો, વણ ખુટે આણ્યો કાલજી
એશું વદો મારા લાડકા એ ટેક.
તું જો પુત્ર પ્રયાણુ કરે, જાવા દેશ વિદેશજી:
પ્રાણ તરત પ્યારાંની શેર, તેમાંનહી મીન મેખજી એશું;
ગજરામારૂ—વાંકનથી મુજ તાતનો, શાને દીઓછો દોશજી
બારે વરશે વન જવું થશે, જોયા જોશીએ જોશજીશી;
ખોટી હઠ માતા પરીહરો, થાએ વિલંબે વિચારજી.
બારે વરશે પાછા આવશું, કરશે કૃપા કીરતારજીશી;
દામાવંતી—પ્યારા પુત્ર છોડી જાઓછો, મુને કોને આધારજી
દુ:ખની દાઝતે કૂણ જાણશે, કોણ કરશે વાહારજી.એ
ગજરામારૂ—શુખે રહો શહેરમાં, કાતો મોશાલ જાવજી
મામો મારો મહાબળીયછે, કરશે તમારી સાહ્યજી; શીખ.
દામાવંતી—શાશરીયામાં શુત શુલછે, મહીયરમાં નહીં માતજી
કરૂણા લાવી કાંઇ મુજપરે, રહો આજ ની રાતજી. એ
ગજરામારૂ—માજી રજા દીઓ મુજને, શુભ દઇ શુકનજી;
મારે અંગે આગ થઇ રહી, જાએ તાત વચનજી. શીખ.
દામાવંતી—ના કહેતાં જોતું નીશેર, નિશ્ચે ઘોળું હું વિખજી;
આજ પોઢો પુત્ર પારણે, દેશું પર ભાતે શીખજી એશું
દામાવંતી—(શહીયર શું દુ:ખ દાખવું એરાહ
રૂડીઆ રબારી વિરા વીનવું, હું છું માનેરી બેહેન
કામ પડયું આજે તાહરૂં, આવિ માજમ રૈન. રૂડીઆ
ઝટપટતું જાગી ઊઠને, કરજે મુજપર મેહેર:

કુંવર વિદેશ જાયછે, જાવું અમનગર શેહેર. રૂડીઆ,
ચાલો શુલો મુજ બાઇછે, તેને કેવું છે એમ;
બાણેજ તમારાં જાયછે, ચાલો ચલાય તેમ. રૂડીઆ.
ગુણના ભુલીશ વિરા તાહરો, જે માગે તે હું દઇશ;
કાલી રાતે કામછે ઘણું, પાડતારો હું લઇશ.
રબારણ—બાલમ પીલે દારૂડી એરાહ
મારૂં વચન માની માનનીતું, જલ્દી પાછીજા;
જલ્દી પાછીજા તું અહી, જલ્દી પાછીજા મારૂ
કાડી રાતે ટલવલેરે, ગુમ તારી બંધ રાખ્ય;
રબારી ગયાછે શાશરેરે, એની ડાબી દુઃખેછે આંખ્ય રેતુ
કામ પડે પછી આવજેરે, ઊગમને પરભાત,
શી જાતતું એકલીરે, આવિશું માજમ રાતરે તું
દામાવંતી—મારૂં કહ્યું માની રબારીને, તુ જલ્દીજા જગાડ;
જલ્દીજા જગાડતું. વેલીજઇ જગાડ મારૂ
રૂડીઆને મોરો રોકડીરે, તને શોભે શણગાર;
ત્વરાએ તારો કંથ ઉઠાડે, કામ પડ્યું દરબારેતું
રૂડીઓ—કહું કયા ઝલક કારતાયા હું મે એરાહ
શુણજો રાજન સંદેશો કહુંરે, દામાવંતીને દુઃખ થાય બહુરે
વલી જશા જામે ગજરામારૂને, દેશવટો દીધો એવું કહ્યુંરે;
તેથી કુંવર કાલે જાશે વિદેશ, વાર્યો બહુ પણ વ્યર્થ ગયુંરે;
માટે ચાલો આપ આવી મનાવો બગની તમારી એ તમને કહ્યુંરે,
તેથી તેડું તમને કરવા આવ્યોછું, વિલંબ કરો જાણે વહાણું થયુંરે.
ચંદ્રાવતી—છે જન પાળક ટાળક દુખનો. એ રાહ
સુણ પુત્રી મામાજી તુજ વરને, (૨) લાવ્યોછે પ્રણવા તને.

પણ પરદેશે જાશે કાલ, નહીં હૈ તારી તે સંભાળ;
દીધો તેને દેશનિકાલ, સસરાએ તુજ શામને. સુણ
તું જાણું જાઇ મન મોજ કરૂં, (૨) શાસરીયાની માંય,
પુત્રી મારી કહ્યું તું માન, તું નહીં જાઇને આવિશ પાન;
શા માટે ખુવે છે શાન, શી મરજી તે કહે મને સુણ
જો મરજી તારી છે વરવા, (૨) આરાજ કુંવરની સાથ,
તો તો પરણાવું હું સાર, નિષ્ચે લગાડું નહીં વાર,
પસ્તાવો છે અપરંપાર, કુંવરી તારા તનને સુણ.

ચંપાઇ—માતાજી મને મહેર કરી રજા આપોરે એ રાહ.

માતુશ્રી મારા આપ મુખે, આ શું કહોછોરે ટેક.
લલાટે લખ્યા લેખ, મટે નહીં મીન મેખ માતુ
મુંખે કહ્યો પતિ માહારોરે, અન્ય હવે છે અકારોરે;
સુખ દુઃખ તેની સંગાત, સુણજો મુજ માત તાત;
કહું છું ખરેખાત, વાત શાને પુછોરે માતુ.

બાજરામારૂ—મુને ઇશ્ક પરીને મારા, મુજે છોડ ચલે બંજારાએરાહ.

માજી તાપ તમારો વિસારી, મુને સીખદીઓ હવે સારી ટેક.
હવે જઇશું અમે વનવાસે, આ શહેર સુન્યવત ભાસેરે;
દેવી દેજો સુકન સુભકારી, મુને
માતા મારી સુખમાં રે'જો, કામકાજ મામાને કહેજોરે;
રખે રાખો દીલ દુઃખ ભારી, મુને
મારા સમ છે માજી તમને, રખે સંતાપ આણો મને નરે;
પુર્વે પાપ કર્યાં અવિચારી, મૂને
ફરી આવિશ બારે વરસે, પણી ઓઓ પાએ પડશેરે

મળશે રાજ રીધિ બહુ સારી, મુને
હવે પ્રાતઃકાળ થયો છે, મારો જીવ જંગલે ગયો છે રે;
તાત ભુમી થઇ છે અકારી, મુને
જાવા જનુની રજા હું માગું, શંભુને પાયે હું લાગુરે;
તે રક્ષા કરશે તમારી. મુને.

દમાવંતી—જફાવો સીતમકો સજાવાર હું એ રાહ.

અરે પુત્ર આ શું વદો છે તું વેણુ, તારા વિણુ મુજને પડે
કેમ ચેન.
આરે મુખથી જા તું એવું ના કેવાય, જાઓ કે'તા જીવ આ
મારો જુદો થાય.
નથી તારા તાતનું મુજનેરે સુખ, વળી પુત્ર દેવા બેઠો છે
તું દુઃખ.
કોને પુત્ર કહીને બોલાવીશ હું, થશે દુઃખ તુજ વિના મુજ
તન બહુ.
કે'તો તારા મામાનું અપાવું રાજ, કુંવર ઘરે બેઠા કરો
શુભ કાજ.
સુવર્ણ મે'લ તારો સુનો તો થસે, સુંદીર બાગને કાજ
કાણુ ભોગવશે.
સુનારે'શે ગજરથને અશ્વસાલ, તેની પુત્ર કોણુજ લેશે સંભાલ.

દમાવંતી—વિનતી ધરજો ધ્યાન એ રાહ.

સો'ય થશે જગરાય, સંકટ સમે સો'ય થશે જગરાય. ટેક.
વન વગડામાં વનની દેવિ, ધર્ણીપર ધરતીમાંય સંકટ
આકાશે ઉભિયામાં રેહેશે, સુભદ્રે સંકર રાય સંકટ

દીવસે દિનકર રજનીએ ચંદ્ર, સુખે કરે તને સાંધ: સંકટ.
પર ધરમી પરલોકમાં તારો, જશ ઘણેરો ગવાય. સંકટ.

ગજરામારૂ—પ્રીય મીત્ર હવે શું રે કરવું. એ રાહ.

પ્રીયા દયો રજા અસુર થાશે મારે જાવા હવે વનવાસે.
બારે વરસે પાછો ફરીશ, આવી તમને હું પ્રથમ મળીશ.
પ્યારી પ્રાણ છે આ તુંજ પાસ. રખે રાખતી મન ઉદાસ.
હવે શીખ દીયો સુખી થાઉ, તાત વચને હું જંગલે જાઉં.

ચપાદ—પ્રાણનાથ તજી તમ જાઓ, નીજ પત્નિ તે કોને ભેળાવો
તમે સાથ તમારી તેડો, હુંતો મુકીશ નહીં નાથ છેડો.
કાંતો મારો મને કે જીવાડો, કાંતો પ્રથ્વીની સાથે પછાડો.
પ્યારીના પ્રાણ લઇ પછી જાઓ, સ્વામી આપ સદા સુખી થાઓ

ગજરામારૂ—માતુ સરસ્વતિ, દયો મતી અતી એ રાહ.

પ્યારી મારી અહો, કાંઇ કહેવું હોય તે કહો;
પિતા વચન પાળવા, જાવા મને દીયો. પ્યારી.
સામા સખીઓને સોંપું હું, મહીયરીઆની માંય;
સુખ દુ:ખની વાતો સૌ કહેજો. કરશે તમને સહાય પ્યારી
સારૂં સુંદીર મંદીર આછે છે હિંચોળા ખાટ;
જે જોઇએ તે હાજર સૌ છે, પ્યારી તમારા માટ. પ્યારી
કણ કઠોર ભરપુર ભર્યા છે, દ્રવ્ય તણો નહીં પાર;
વસ્ત્રા ભુષણ વાસ કરે બહુ, સુખમાં રે'જો સાર. પ્યારી.
મારા સમ છે દુખ ધરો તો, ઇશ તણી છે આણ;
શુભ કરી સંકટ કાપે તમારૂં, ભજશો શ્રી ભગવાન.

ચપાદ—બેડો બાઇ બુડતો તારોરે. એ રાહ.

અરે નાથ આશું વદોછોરે, પ્રિયાને શા વાંકે તજો છોરે ટેક

સખીઓનો સંગ સારો નહીં, મારે મૈયર ઉજડ રાન;
કારાગૃહ જેવો મેં'લું હું પેખું, હીંચોળો સુળી સમાન અરે.
કણુ કોઠાર કોયલા જાણું, આભુષણે ઉઠી આગ;
વસ્ત્ર તણી સૌ રક્ષા કરીને, બેઠી ઉડાડુ કાગ. અરે.
પતિ વિનાની પત્નિ તો પડે પળે પળે બહુ વાંક,
સ્વામિજી મારા સાથે તેડો, કરગરી કહું હું રાંક. અરે.
આવું તમારે કરવું હતું તો, પોતે કુંવારી રેહેત,
હાથ ન જાલ્યો હોત તમારો તો, દોશ ન તમને દેત. અરે.
ઉત્કંઠા હતી જાવા મને બહુ, સાસરા કેરી માંય;
સમી ગયા સૌ ઓરતા મારા, મનની રહી મન માંય. અરે.
મારે કંકણુ હજીવડાં થયાં નથી, આરે મીંઢળ છે હાથ;
પરણી મુકી પાછુ શાને તજોછો, હું છું અબળા અનાથ.
તમે ચંપો હું કેતકી સ્વામી, ભલી બની એની જોડ;
ઇશ્વર આણુ છે જાવા દઉ તો, શાને કરો દોડા દોડ. અરે.
ના કહેતા જો નીસરો આપતો, ઉંચી અટારી ચઢીશ.
ઉપરથી પડતું મુકી બારે, વર્ષે હું પુરા કરીશ. અરે.

શાથારૂપ—ધરશે યાં કોન ખુદાકે લીયે લાયાં મુજકો. એ રાહ
શા કાર્યે માટે આપ પધાર્યા છો આંહી;
નામ ઠામ જણાવો જાત, સઘ સહી.
લઘુ વયમાં વિદેશ શાને માટે સંચર્યા;
ગુણ રૂપ જ્ઞાન શુરથી દીશો છો ભર્યા.

અજરામારૂ—સાઉતીને પેશેર હુચી નહીં બેચુંગી એરાહ.
આવ્યો મહારાજ હું આપ પાસે પેટકાજે રે; ટેક.
પેટકાજેરે, આવ્યો નૃપ આજેરે. આવ્યો.

ઉત્કંઠા થઈ વિદેશ જોવા, આ લઘુ વચનીમાંય;
આવ્યો આપ પ્રસંસા સુણી, સત્વર દોડી આંય. આવ્યો.
આલામ છે ગઢ માંડવ પાસે, ઠાકોર મારૂ નામ;
ક્ષત્રી ઉત્તમ જાતી મારી, કરૂ નોકરી કામ. આવ્યો.
સવાલાખ દરમાયો મારો, શ્રી મરજી છે ભૂપ;
અનમિષ્યું હું અંટકી, કેમ રહ્યા છો ચુપ. આવ્યો.

રાયારૂપ—કાળીઘટા કોયલ બોનછાઇ. એરાહ.

સેવક સરવે તમે જાઓ, કોઇ પડદો છોડનાર લાવો. ટેક.
નવજાણું તેની રીત, નવછોડે થાય વિપ્રિત;
જાય જગમાં લાજ ખચિત, દોડોને યાર;
કોઇ હુશીયાર, લઇ ઝટઆઓ. શેવક.

ફુલાદે—આશાગોડી (શૃંગાર શું હવે સજીએ એરાહ.)

આવો શુવાશ ક્યાંથી આવે, કહે દાશી આવોશુવાસ ક્યાંથી આવે ટેક.
મૃત્યુ જુગીથી લાગે અજાયબ, સ્વર્ગથી ભીતગએ આવે. કહે.
ધન્યપુરૂષ કે હોય કોઇ નારી, જોવાને મન લલચાવે. કહે.

દાશી–તેને જોયાથી વિપરીત અતિથાશે, દુઃખઅતી દીલથાશે.

સારનથી એવાતમાં બાઇ, જાવાદો મનથી હાવે. કહે.

ફુળાદે—જુઠુબોલીતો મારા સમછે સહુફીરે. એરાહ.

સાચુ ન કે'તો મારાસમ છે ઓદાશીરે. ટેક.
સાંભળવા વાતની હું બની બહુ પ્યાશીરે. સાચુ.
ચાર હત્યા તુ.. શીર હું ધરાવું રે,

દાશી—..સુણજો સાંભળવાને લો.

તમો ઊલાશીરે. સાચુ.
ગજરામારૂ છે જેના છો તમે આ પ્યાશીરે. સાચુ.

ફુલાદે—સાચી વાત હોય તો, એને વરીચુકીરે;

રાયારૂપ ભાઇ ગણું, આજથી એ દાશીરે. સાચુ.
તેના નગરમાં જાતું, મારે છે હરામરે.
ગજરામારૂની હવે, થઇશ્કું વિલાશીરે. સાચુ.

સુખડદે—

ચાલોચાલો સહિયર સહુસાથ, શીવપુજનં જઇએ:
પુજી ચરણકમળને આજ. એની પાવન થઇએ.
શીવજી પુજે પાપજ છુટે, મનઇછિત વર મળશેરે;
સમરણ તેનું અહર્નિશ પ્યારૂ, વિઘ્ન કુમતિને દળશે. શી.
સામગ્રી સહુ હાથ ધરીને, પુજન કરવા ચાલોરે:
કરજોડી વિનવશો મનથી. તો સુખસાગર માલો. શી.
હરખેથી જો હરીને ભજીએ, સજીએ અખંડ સોભાગરે;

માલણ—અચરજ આજ થયુંછે બાઇ, ખીલ્યો આપણો બાગ શી.

દેવળદે—નારીના કટાક્ષ પાસે પુરૂષછે ગુલામ. એરાહ.

શું ઊચારે વાત તું, વગર વિચારની;
સુકો બાગ ખીલે કેમ; મન ધારની.

સર્વ—માનીએ ન વાત તારી, સાચીરે લગીર;
મજાક મેળવવા કરી, ઇનામ ધરી ધીર.

માલણ—અસત્ય વાત હોય તો, છે ચરણ આગ્યના,
આવી જુઓ સર્વ ત્યાંહી, જે કહી બીના.

બધે—શું તુઠયા છે દૈવતા ! પ્રભુ થયા પ્રસન્ન ?

સત્ય વાત ઉચરી, રીઝાવ્યું મારૂં મન.

માલણ—અરે લાલદેવ હંસ તરફ જઈ આ. (એ રાહ.)

આવ્યો લઘુ વયનો કુંવર બાગમાં,
દીસે છે મુસાફરના પોશાકમાં.
તેની કાંન્તી કથવાની શક્તિ નથી,
જોશો જ્યારે દ્રષ્ટીએ પડશે પંથી.

શુધડદે—મુજ ઉપર ગુજરી પીના પાદશાહ જાણી. (એ રાહ)

મધુકર આવ્યો, કર્યું કમળ છોડીને,
મુજ મન મળવાને ચાહે, જલ્દી દોડીને.
આ હૃદયનું અરપણ, મેં કીધું મારૂને;
શા કારણ એવી વાત, મન ધારૂંને.
પણ પુછવામાં શું જાય, તેને ઉદાહી;
શા કારણ આવી પડ્યોછે, તે આ વાડી.

ઉળડકુંડ—શુણો દીલ્લી તખ્ત ધરનાર. (એ રાહ).

આ થયો શો અરે ઉત્પાત, સચીવ આ નગર માંહીરે;
પકડી આણીને કરો તેની ઘાત, દોડીને ગયો હોય જાંહીરે.
નવ ડર્યો ચોરી કરતાં લગાર, અરે તે મુજ ઘરમાંહીરે:
કેમ જીવતો જોરૂ પળવાર, લાવોને જલ્દી તમે માંહીરે.
કર્યું કુંવરીનું હરણ ગમાર, ધરી ન ઉર બીક કાંહીરે;
માત તાત તેનાને ધીક્કાર, લઈને દુષ્ટ જશે કાંહીરે.

જશાજોમ—આજથી આ રાજની દશા ફરી (એ રાહ).

કહો પ્રધાન આ રાજની, શી દશા થશે;
હાય! હાય! શું આ શત્રુ, હાથ તો જશે. **કહો,**

ખટ પુત્રે પણ રાજ નહીં, રે'શે હાથમાં;
મારૂ હોત મારો તો, રાખત શત્રુ બાથમાં.
કરી મેં મુરખાઇને, કાઢયો વિદેશમાં;
હાય પસ્તાવો મને થાય, પુર્ણ શેશમાં.

૧ લો શીપાઇ—ગીતીની ચાલ.

શોક કરો નહી રાજા, આપ પુત્ર ગજરામારૂં આવ્યો;
મળવા આપને ચાહે, સંદેશો મુજ સાથે છે કા'વ્યો.

સર્વે—હરખ હરખ આજ થયો, રીઝયાં રાય રાણી;
લાગ્યો વધુ સહીત પાય, લક્ષ્માને તે આણી.
સુકાવ્યું માતાનું દુઃખ, લઈને રાજપાટ;
ચંચળે ચગાવ્યું જગમાં, દબદબાથી રાજ.

સમાપ્ત.